# શ્રાવણ માસના તહેવારોમાં નવી ગાઈડલાઈનની સરકારની તૈયારી

## જીલ્લામાં ગણેશ મહોત્સવ સહીત અન્ય ઉત્સવોના આયોજન કરનારાઓની ચિંતા વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

શ્રાવણ મહીનો શરુ થાય એ સાથે જ તહેવારો વધુ પ્રમાણમાં આવતા હોય છે દેશમાં કોરોનાની ત્રીજી લહેર શરુ થઈ છે. ગુજરાતમાં પણ કોરોનાના કેસ નોંધાતાં સરકાર ચિંતિત બની છે.શ્રાવણ મહીનામાં દેવ મંદીરો તેમજ તહેવારો સમયે લોકોની ભીડ વધવાની સંભાવના હોવાથી સરકાર દ્વારા નવી ગાઈડલાઈનની તૈયારી થઈ રહ્યાનું જાણવા મળ્યું છે.

સળસળાટ ઓગસ્ટ મહીનો આગળ વધી રહયો છે. આવતા સપ્તાહના આરંભે પવિત્ર શ્રાવણ માસ શરુ થઈ રહ્યો છે. જેના કારણ શિવ ભકતોમાં ભગવાન શિવજીની પુજા કરવાનો અનન્ય ઉત્સાહ અત્યારથી દેખાય છે અનેક શિવાલયો તેના આયોજન માટે સજજ થઈ રહ્યાં છે. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના ગામેગામ પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન અનેક લોકો દાન કરી પુણ્યનું ભાથું મેળવવાનો પ્રયાસ કરશે ગત વર્ષે કોરોનાનું સંક્રમણ વધું હોવાથી શિવાલયોમાં શિવભકતોની ભીડ ઘટી હતી પરંતુ અત્યારે બન્ને જીલ્લામાં કોરોના પલાયન થઈ ગયો હોય તે રીતે પ્રજા વર્તી રહી છે. શોશ્યલ ડીસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભુલાઈ રહ્યું છે. સરકારી આંકડામાં ભલે કોરોના સંક્રમીત કેસ નોંધાતા ન હોય પરંતુ ખાનગી હોસ્પિટલોમાં સંક્રમીત દર્દીઓની સંખ્યામાં વધારો ચોકાવનારો છે. રાજય સરકાર પણ કોરોનાની ત્રીજી લહેર શરુ થયાની દહેશત આવી જતાં પવિત્ર શ્રાવણ મહીનામાં આવતા તહેવાર દરમ્યાન દેવમંદીરો તેમજ અન્ય ધાર્મિક સ્થળો અને જાહેર જગ્યાઓ ઉપર ઓછી ભીડ થાય તે માટે ગાઈડલાઈનનો કડકાઈથી અમલ કરાવે તેવી સંભાવના વ્યકત થઈ રહી છે. જીલ્લામાં ધો.૯ થી ૧૨ના વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરુ થયું છે. જેથી વાલીઓ પણ હવે કોરોનાના ભયમાંથી ધીરે ધીરે બહાર આવી રહ્યા છે. પરંતુ સામાન્ય બેદરકારી કોરોનાની મહામારીને વધુ વેગ આપી શકે છે.

# હિંમતપુર સબસેન્ટર હેઠળના જગતપુરા ગામમાં કોવિડ-૧૯નું ૧૦૦ ટકા રસીકરણ




રાયગઢ, તા.૦૬

હિંમતનગર તાલુકાના બામણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના હિંમતપુર સબસેન્ટર હેઠળના બક્ષીપંચ જ્ઞાતિ ધરાવતા જગતપુરા ગામે ૧૮ વર્ષથી વધુ ઉંમરના ૪૨૧ વ્યકિતઓને કોવિડ-૧૯નો કોરોનાનો પ્રથમ ડોઝ આપતાં જગતપુરા ગામ ૧૦૦ટકા રસીકરણવાળું પ્રથમ ગામ બન્યું છે. બામણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તાબાના ડૉ.અભિષેક ગુર્જર, ડૉ.સ્નેહલ પટેલ, સુપરવાઈઝર મહેશ રાઠોડ તેમજ આરોગ્ય કર્મી તેજસ પટેલ, ઈન્દુબેન પટેલ, જાગૃતીબેન ડામોર, સુરેખાબેન મકવાણા, ઉમિયાબેન પટેલ અને સ્થાનિક ગ્રામ પંચાયતના હોદેદારો ઉપસ્થિત રહી રસીકરણ અભિયાનને સફળ બનાવ્યું હતું.

# જન્મદિને વધામણી



જિનય ચિંતનકુમાર શાહ
બાયડ



અક્ષિત કિરણકુમાર
ભરવાડ
ખડોલ, તા. ધનસુરા



અશિતિ હાર્દિકકુમાર
પટેલ
નવીશિણોલ, તા.ધનસુરા



વ્યાની મહેશકુમાર નાયી
મોડાસા



વિશ્વરાજસિંહ
જયપાલસિંહ ઝાલા
બોરીયા-બેચરાજી,
તા.તલોદ



વ્યોમ મહેશકુમાર નાયી
મોડાસા



દેવર્ષ નિતેશકુમાર અરોડા
અયોધ્યાનગર,
બાયડ, જી.અરવલ્લી.



જયેશભાઈ ચૌધરી
(પ્રા.શિક્ષક)
તલોદગામ



ભરત પટેલ
ઉમિયા પશુ આહાર
બાયડ, જી.અરવલ્લી.



અમરીશ પ્રેમજીભાઈ પટેલ
પર્થ (ઓસ્ટ્રેલીયા)



યશ ધીરુભાઈ ચૌધરી
બાયડ (ધનસુરા)



ત્રિશા (પરી) અનિલભાઈ
દધાલિયા, તા.મોડાસા

# ગાંભોઈ પંથકના પુનાસણ અને રૂપાલમાં ધમધમી રહેલી દારૂની હાટડીઓ...?

ગાંભોઈ, તા.૦૬

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસેના પુનાસણ અને રૂપાલ ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની હાટડીઓ દ્વારા ખુલ્લેઆમ વેપલો કરનાર સામે સ્થાનિક પોલીસતંત્ર દ્વારા કોઈ પગલા ન ભરાતાં ગ્રામ્ય વિસ્તારની પ્રબુદ્ધ જનતામાં ભારે રોષની લાગણી જન્મી છે. ગાંભોઈ પોલીસ સ્ટેશન હદના રૂપાલ આઉટપોસ્ટ હેઠળ રૂપાલ સહિત કેવન, સઢા, ભાવપુર, ઢુંઢર, બાવસર, સાકરોડીયા તેમજ પુનાસણ આઉટપોસ્ટ હેઠળના ફતેપુર, માંકડી, શણગાલ, પુનાસણ, બામણા વગેરે ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ સ્થાનિક ફરજ પરના પોલીસ કર્મીઓની રહેમ નજર હેઠળ ધમધમી રહ્યા છે. લોકોની ફરિયાદ બાદ દારૂના અડ્ડાઓમાં વિજિલન્સ સ્કોર્ડ તપાસ માટે આવવાની હોય તે પહેલા પોલીસ દ્વારા બુટલેગરોને અગાઉથી જાણ કરી દેવામાં આવે છે. ગાંભોઈ પથકમાં જે રીતે તસ્કરી અને અન્ય કૌટુંબિક ગુન્હાનું પ્રમાણ ઉચકાયું છે. તેના પાછળ બેરોકટોક દારૂની બદી હોવાનું લોકો જણાવી રહ્યા છે. પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે દારૂની ફૂલીફાલેલી આ બદીના કારણે યુવાધન દારૂના રવાડે ચડી ગયું છે. કેટલાક દારૂના અડ્ડાધારીઓની સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દર માસે નિયમિત હાજરી જોવા મળે છે. છેલ્લા ગણા સમયથી એક સ્થળે આઉટપોસ્ટમાં ફરજ બજાવતાં પોલીસ કર્મીઓની દારૂનો વેપલો કરતા અડ્ડાધારીઓ સાથેની સાંઠગાંઠના કારણે દારૂની બદી છેલ્લા એક વર્ષથી ખૂબ જ વધી જતાં ગ્રામ્ય પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. જીલાકક્ષાએ માત્ર કામગીરી બતાવવા સ્થાનિક પોલીસતંત્ર અને સ્કવોર્ડ દ્વારા કાગળ પર રેડ પાડવાનું માત્ર નાટક સામે સ્થાનિક પ્રજામાં ભારે રોષ ઉભો થવા પામ્યો છે. કાયમી દારૂબંધી અંગે કડક રાહે કોઈ પગલાં લેવામાં ન આવતાં ગ્રામ્ય વિસ્તારના જાગૃત નાગરિકોએ ગાંભોઈ પોલીસ સ્ટેશન હદ વિસ્તારોમાં દારૂના હાટડાં ચલાવતા અડ્ડાધારીઓ તેમજ ફરજ દરમ્યાન નિષ્ક્રિય રહેતા પોલીસ કર્મીઓની તમામ વિગતોની યાદી રેન્જ આઈ.જી. અને રાજયકક્ષાના ગૃહમંત્રીને મોકલવાની તજવીજ હાથ ધરી છે.

**દારૂના હાટડાની યાદી રેન્જ આઇ.જી. અને ગૃહમંત્રીને અપાશે...**


### ટ્રાફીક પોલીસ અને ટી.આર.બી. જવાનો અદ્રશ્ય

# સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના શહેરી વિસ્તારોમાં વિકરાળ બનેલી ટ્રાફીક સમસ્યા

## આડેધડ પાર્કીંગ અને લારીઓ ગોઠવાઈ જતાં અકસ્માતો વધ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

પોલીસ અને સ્થાનિક તંત્રની ડંફાસો વચ્ચે સાબરકાંઠા અરવલ્લી જીલ્લાના તમામ શહેરી વિસ્તારોમાં ટ્રાફીક સમસ્યાએ વિકરાળ સ્વરુપ ધારણ કર્યું છે. શાળાઓ શરુ થયાં પછી સવારે અને સાંજે વધતો ટ્રાફીક માથાના દુખાવારુપ બન્યો પરંતુ ટ્રાફીક પોલીસ અને ટીઆરબી જવાનો અદ્રશ્ય થઈ જતાં પોલીસની કામગીરી સામે સો મણના સવાલ ઉભા થયા છે.




જીલ્લામાં ઓછો પોલીસ સ્ટાફ અને ટ્રાફીકની સમસ્યા વિકરાળ બનતાં બન્ને જીલ્લામાં ૩૦૦થી વધુ ટી.આર.બી. જવાનોની નિયુકતી કરાવામાં આવી પરંતુ તે માત્ર સવારે હાજરી પુરાવા આવી મી.ઈન્ડીયાની જેમ અદ્રશ્ય થઈ જાય છે. કેટલાક કિસ્સાઓમાં ટી.આર.બી. જવાનો પોલીસ અધિકારી તેમજ બીટ જમાદાર માટે ખુશ રાખવાના કામ કરતા હોય છે. આવા દ્રશ્યો જીલ્લાના શહેરી વિસ્તારોમાં સામાન્ય બની ગયા છે. કોઈપણ સ્થળે કલેકટર, ડીડીઓ, પોલીસ વડા કે પછી સરકારના મંત્રી પસાર થવાના હોય ત્યારે અડચણરુપ લારી-ગલ્લા હટાવી લેવામાં આવે છે અને ટ્રાફીક ખુલ્લો રાખે છે જેથી અધિકારીઓને કાયમી સાચી સ્થિતિનું દ્રશ્ય જોવા મળતું નથી. કેટલાક ટી.આર.બી. જવાનો ગામડામાંથી માત્ર ચા પીવા અને મસાલા ખાવા માટે નિયુકત કર્યા હોય તે રીતે ખુણામાં બેસી રહેતા હોય છે અને ટ્રાફીક જામ થયો હોય તો પણ શરમ આવતી હોય તે રીતે ઉભા થવાની તસ્દી લેતા નથી. જીલ્લા પોલીસ વડા દ્વારા ટી.આર.બી. જવાનોની કામગીરીનું સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવે તો અનેક અનિયમિતતા સામે આવી શકે છે જયારે ટ્રાફીક પોલીસ ગેરકાયદે મુસાફરો ભરીને દોડતા વાહન ચાલકો પાસે મહીનો શરુ થવાના પ્રથમ સપ્તાહમાં મુલાકાત કરી અદ્રશ્ય થઈ જાય છે. તેમની મુલાકાતનો ઉદ્દેશ પ્રજા સારી રીતે સમજે છે.ટ્રાફીક પોલીસ અને ટી.આર.બી. જવાનોની સાગમટે બદલી નહી થાય ત્યાં સુધી વિકરાળ બનેલી ટ્રાફીક સમસ્યાનો પ્રજાને ઉકેલ દેખાતો નથી.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતના કર્મચારીઓને રહેવા માટે સરકારી કવાર્ટસ નથી...!!

## જૂના કવાર્ટસ કંડમ જાહેર કરાયા પણ નવા હજુ સુધી બન્યા નથીઃ કર્મચારીઓને ઉંચા ભાડા ખર્ચ કરી રહેવા મજબુર થવું પડી રહ્યું છે

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા જિલ્લા પંચાયતના કર્મચારીઓને રહેવા માટે સરકારી કવાર્ટસ ન હોવાના કારણે ઉંચા ભાડુ ખર્ચ કરી રહેવુ પડી રહ્યુ છે.તો આ બાબતે ઝડપથી નિર્ણય લઈ કર્મચારીઓને રહેવા માટે નવિન કવાર્ટસ બનાવવામાં આવે તેવુ કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.



બનાસકાંઠા જિલ્લા પંચાયત પર લાંબા સમયથી કોંગ્રેસ સત્તા સંભાળી રહી છે.જેમાં છેલ્લા કેટલાક વર્ષોથી પાલનપુર સંજય ચોકથી ગઠામણ દરવાજા જવાના માર્ગ ઉપર આવેલા જિલ્લા પંચાયતના કવાર્ટસ જર્જરીત થઈ ગયા હોવાથી તેને કંડમ જાહેર કરાયા છે.અને તે કવાર્ટસ અત્યારે ખંડેર હાલતમાં પડેલા જોવા મળી રહ્યા છે.તેમજ જી.ડી.મોદી કોલેજ પાસેના પણ કવાર્ટસ જર્જરીત હાલતમાં ઉભેલા છે.તે મકાનોને પણ કંડમ જાહેર કરવામાં આવ્યા છે.પરંતુ મોંઘવારીને જોતા બહાર ભાડેથી મકાન લેવુ મુશ્કેલ બનતું હોવાના કારણે અત્યારે પાંચ જેટલા પરીવારો કંડમ મકાનોમાં જીવના જોખમે વસવાટ કરી રહ્યા છે.જેથી જિલ્લા પંચાયત દ્વારા કર્મચારીઓને રહેવા માટે મકાનો બનાવવામાં આવે તેવી માંગ કર્મચારીઓમાં ઉઠી રહી છે.

**જિલ્લાનો વિકાસ કરનાર પોતાના કર્મચારોને રહેવા માટે યોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવી શકતી નથી**

જિલ્લા પંચાયત દ્વારા જિલ્લામાં આવેલા ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરતી હોય છે.પરંતુ બનાસકાંઠા જિલ્લા પંચાયત દ્વારા પોતાના કર્મચારીઓને રહેવા માટેની કવાર્ટસ આપવામાં પણ નિષ્ફળ પુરવાર સાબિત થઈ રહી હોવાનું જોવા મળી રહ્યુ છે.

**કર્મચારીઓ મકાન ખાલી કરી જાય તો ક્યાં જાય તેવી સ્થિતી**

પાલનપુર કોલેજ પાસે આવેલા મકાનોમાં રહેતા કર્મચારીઓને ખાલી કરવા નોટીસો તો અપાઈ છે.પરંતુ શહેરમાં ભાડેથી મકાન લેવુ નાના કર્મચારીઓને પરવડે તેવી સ્થિતી ન હોવાથી કર્મચારીઓ જાય તો ક્યા જાય જેથી જિલ્લા પંચાયત દ્વારા ઝડપથી નવિન મકાનો તૈયાર કરી મકાનો ખાલી કરાવવા જોઈએ તેવુ કર્મચારીઓમાં ચર્ચાઇ રહ્યુ છે.

**જર્જરીત કવાર્ટસમાં રહેતા કર્મચારીઓને ખાલી કરવા અવાર-નવાર નોટીસો અપાઇ છે.**

પાલનપુર કોલેજની બાજુમાં આવેલા જિલ્લા પંચાયતના કવાર્ટસમાં રહેતા કર્મચારીઓને અવાર નવાર ખાલી કરવા નોટીસો આપવામાં આવી હોવાનું જિલ્લા પંચાયત સુત્રોએ જણાવ્યુ હતુ.

# પાલનપુરના પત્રકારનો મોબાઈલ શરતચુકથી ગુમ થયા બાદ પરત મળી આવ્યો

## પાલનપુરમાં કાર્યરત નેત્રમ સીસીટીવી કંટ્રોલ રૂમ શહેરીજનો માટે ફાયદારૂપ સાબિત થયો

પાલનપુર, તા. ૬

પાલનપુરના વરિષ્ઠ પત્રકાર નો મોબાઈલ શરતચુક થી ગુમ થયા બાદ પાલનપુર ના નેત્રમ સીસીટીવી કંટ્રોલ રૂમ ખાતે કાર્યરત પોલીસની ટીમની સક્રીયતા થી મોબાઈલ પરત મળી આવતા પરિવારજનો એ ખુશી અનુભવી પોલિસની કામગીરીને બિરદાવી રહયા છે.





પાલનપુર શહેર માં સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત સી.સી.ટીવી કેમેરા આધારીત સર્વેલન્સ અને ઈન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ ના પ્રથમ તબક્કાનો શુભારંભ વર્ષ-૨૦૧૯ માં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યો હતો.જે પ્રોજેકટ અંતર્ગત પાલનપુર શહેરની તમામ મુખ્ય જગ્યાઓ ઉપર સી.સી.ટીવી કેમેરા લગાવવામાં આવેલા છે.જે કેમેરાની બાજ નઝર સામે કોઈ પણ વાહન ચાલક નિયમોનો ભંગ કરે તો તેના ફોટો સાથે ઘરે ઈ-મેમો આવતો હોય છે.જેનાથી વાહનચાલકો નિયમોનું પાલન કરતા થયા છે.અને કેટલીકવાર આ નેત્રમ સિસ્ટમ શહેરીજનો માટે ફાયદારૂપ પણ સાબિત થાય છે.તેજ રીતે પાલનપુર ના વરિષ્ઠ પત્રકાર ગણપતભાઈ જોષી નો શરતચુકથી ગુમ થયેલો મોબાઈલ નેત્રમની પોલિસ ટીમની મહેનત થી મોબાઈલ પરત મળી આવ્યો છે.પત્રકાર હરેશભાઈ જોષી એ જણાવ્યું હતું કે તેમના પિતા અને તેમનો પુત્ર રાત્રીના સમયે શહેરના અમીરરોડ-દેનાબેક્ક પાસેથી ઓટોરિક્ષામાં બેઠા હતા અને બાદમા દિલ્હીગેટ ખાતે ઉતરી ગયા હતા.જે દરમ્યાન શરતચૂકથી મોબાઈલ ઓટોરિક્ષામાં રહી ગયો હતો.જેવોએ શોધખોળને અંતે પાલનપુર નેત્રમ સીસીટીવી કંટ્રોલરૂમમાં આ બાબતે જાણ કરતા પી.એસ.આઈ કે.ડી.રાજપૂત,પોલીસ કોન્સ્ટેબલ હરેશભાઈ માનજીભાઈ તેમજ મહિલા પોલીસ કોન્સ્ટેબલ અણસીબેન પાતાભાઈ સહિત નેત્રમ સીસીટીવી કન્ટ્રોલ રૂમની ટીમની મહેનત થી રિક્ષાચાલકને શોધી કાઢી તેની પાસેથી મોબાઈલ મેળવી મુળ માલિકને પરત કરતા ખુશીની લાગણી જોવા મળી હતી.આમ આ નેત્રમ સીસીટીવી કંટ્રોલ રૂમ શહેરીજનો માટે ફાયદારૂપ સાબિત થઈ રહયો છે.

# દિલ્હી ખાતે યોજાનાર 'અમૃત મહોત્સવ'માં સાબરકાંઠાના તબલા માસ્ટર તૃપ્તરાજ પંડયાની પસંદગી થઈ

## આઝાદીકા અમૃત મહોત્સવમાં 'મૌકા હૈં..' થીમ સોન્ગમાં ભાગ લેશે...

ગાંભોઈ, તા. ૦૬



ભારત સ્વતંત્રતાના ૭૫માં વરસ નિમિત્તે દિલ્હી ખાતે યોજાનાર 'આઝાદીકા અમૃત મહોત્સવ'ની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યા બાદ વિવિધ રાજ્યોમાં ઉભરતાં સાંસ્કૃતિક કલાકારોને સામેલ કરી સાંસ્કૃતિક કાર્યક્રમોની તૈયારીનું આયોજન થઈ રહ્યું છે ત્યારે આ ઉજવણીના ભાગરૂપે દિલ્હી ખાતે યોજાનાર આઝાદીકા અમૃત મહોત્સવ કાર્યક્રમ માટે એક થીમ સોંગ તૈયાર કરવામાં આવી રહ્યું છે. જેમાં દેશના ૪૦ યુવા પ્રતિભા કલાકારો ભાગ લેશે તે પૈકી હાલે મુંબઈ ખાતે અભ્યાસ અર્થે પરિવાર સાથે રહેતા અને સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કવિશ્રી ઉમાશંકર જોશીના વતન બામણા ગામના મૂળ રહેવાસી એવા બાળ તબલાવાદક તૃપ્તરાજ અતુલભાઈ પંડયાની પસંદગી થતા દિલ્હી કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આઝાદીના અમૃત મહોત્સવના થીમ સોંગમાં સામેલ થવા આમંત્રિત કરવામાં આવેલ છે ત્યારે તૃપ્તરાજ પંડ્યાના મૂળ વતન બામણા અને સાબરકાંઠા જિલ્લાવાસીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. તૃપ્તરાજને નાનીવયના તબલાવાદક બાળ કલાકાર તરીકે ગિનીસ બુક ઓફ વર્લ્ડરેકોર્ડસમાં સ્થાન મળેલ છે. ઉપરાંત અગાઉ રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક સમારંભમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદના હસ્તે બાળશક્તિ કલ્ચરલ અને આર્ટ્સ શ્રેણીમાં વેસ્ટ તબલાવાદક તરીકે 'રાષ્ટ્રીય બાલ પુરસ્કાર' મેળવી સાબરકાંઠામાં સાંસ્કૃતિક ક્ષેત્રે ગૌરવ વધારેલ છે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે જિલ્લા કક્ષાએ ૭મી ઓગસ્ટે આશ્ચર્યજનક કાર્યક્રમ થશે

હિંમતનગર, તા. ૬

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાત માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ રમેશભાઈ ચૌધરી તથા ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ સંયુક્ત નિવેદનમાં જણાવે છે કે બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) તથા સરકારી શાળાના પ્રશ્નો લાંબા સમયથી સરકારમાં પડતર છે. શિક્ષણ સહાયકોની ફિક્સ પગારની પાંચ વર્ષની સળંગ નોકરી, ફાજલના કાયમી રક્ષણનો સુધારા ઠરાવ, સાતમા પગારપંચના બાકી હપ્તા, જૂના શિક્ષકની ભરતી, આચાર્યની ભરતી બાદ ૦૫-૦૧-૯૫ ના ઠરાવ અનુસાર જુના નવા સર્વેને એક ઈજાફો, જૂની પેન્શન યોજનાનો અમલ, નીતિવિષયક નિર્ણયો માં શિક્ષણ સહાયકોને બદલીનો લાભ, ફિક્સ પગાર વધારાનો તફાવત, સહાયકોને પ્રથમ દિવસથી જ સુરક્ષાચક્ર જેવા પ્રશ્નોનો ઉકેલ ન આવતાં તારીખ ૧ ઓગસ્ટથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના નેજા હેઠળ સોશિયલ મીડિયામાં અસરકારક રીતે આંદોલન ચાલી રહ્યું છે.

સોશિયલ મીડિયાના આંદોલનને રાજ્યના દરેક જિલ્લામાંથી મોટી સંખ્યામાં શિક્ષકો સમર્થન આપી રહ્યા છે. જિલ્લા કક્ષાએથી મળેલ વ્યાપક સમર્થનને કારણે ૨૦,૦૦૦થી પણ વધુ સોશિયલ મીડિયા પોસ્ટ સેલ્ફ,ફોટોગ્રાફ તથા સમૂહ ફોટો મળેલ છે. હજુ સાતમા દિવસ સુધીમાં આ આંકડો ૩૦૦૦૦ સુધી પહોંચે તેવી પૂર્ણ શક્યતાઓ છે.

સોશિયલ મીડિયામાં ચાલી રહેલા જલદ આંદોલનના સાતમા દિવસે ૭ ઓગસ્ટ,શનિવારે શાળા સમય બાદ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સભ્યો જિલ્લા કક્ષાએ આશ્ચર્યજનક કાર્યક્રમ કરશે. આ કાર્યક્રમમાં જિલ્લા તથા તાલુકાના શિક્ષકો મોટી સંખ્યામાં જોડાશે. કોર કમિટીની બેઠકમાં જિલ્લા કક્ષાએથી આવેલ માંગ તથા આશ્ચર્યજનક કાર્યક્રમ અંગે વિસ્તૃત ચર્ચા થશે.